# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭/ક્વા-03/૨૦૨૧-૨૨/ ૧૩૭-૫ તારીખ : ૦૫ - ૦૧ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
ગુજરાત ઇન્ટ્રક્ષ લીમીટેડ
સર્વે નં. ૮૪/પી, રાજકોટ-ગોંડલ રોડ,
મું. પો. : શાપર-વેરાવળ, તા. : કોટડાસાંગાણી, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૪
મોબાઈલ : (૦૨૮૨૭) ૨૫૨૫૧/૫૨/૫૩

**વિષય :** છેલ્લા થોડા મહિનાથી પાવર ટ્રીપીંગ હોવા બબત.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૨૯-૧૦-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૭/ક્વા-03/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, શાપર વેરાવળ રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ


પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૭/ક્વા-૩/૨૧-૨૨/ 137-5 તા. 05-01-2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૭/ક્વા-૩/૨૧-૨૨

| | |
|---|---|
| અરજદાર | : ગુજરાત ઇન્ડ્રક્ષ લીમીટેડ ગામ: શાપર વેરાવળ |
| પેટા વિભાગીય કચેરી | : શાપર વેરાવળ |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે સંજય વાગડિયા અને જય રાઠોડ હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય |
| રજૂઆત કરનાર | : શ્રી એલ.કે.પરમાર કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૮-૧૨-૨૧ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૮-૧૨-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ As per the applicant representation, they having H.T. Connection of Contract Load 1800 KVA, since few months frequently Power Tripped without intimation. Due to this problem applicant's factory work is totally disturbed. They having a Induction furnaces and during running furnace without intimation, so many times power off and stainless steel costly metal spoiled and heavy financial loss incurred to them.

Moreover, applicant have Machine shop of CNC and VMC machines and recently on Dtd:25/10/21 due to sudden failure of power, in VMC machine Vector drive fail and incurred heavy financial loss.

In working days if power frequently off without intimation, disturb all production and labour remain ideal it will add loss and pain.

Applicant has submitted "Annexure-1" showing Financial Loss of Rs.16,67,580/- due to Power failure, which should be compensate by PGVCL. Applicant has also submitted "Annexure-2" for details of Power Tripped Date wise as mentioned following.

(Details of Power Failure)

| DATE | POWER CUT TIME | POWER COME TIME | DAY |
|---|---|---|---|
| 05-05-21 | 11.30AM | 2.00PM | THURSDAY |
| 07-05-21 | 12.00PM | 12.05PM | FRIDAY |
| 18-05-21 | 10.00AM | 6.00PM | TUESDAY |
| 20-05-21 | 12.00PM | 12.55PM | THURSDAY |
| 23-05-21 | 9.45AM | 9.50AM | SUNDAY |
| 25-05-21 | 9.55AM | 10.07AM | TUESDAY |
| 06-06-21 | 12.17PM | 12.30PM | SUNDAY |
| 06-06-21 | 12.46PM | 1.00PM | SUNDAY |
| 06-06-21 | 1.05PM | 1.15PM | SUNDAY |
| 11-06-21 | 8.48AM | 9.00AM | FRIDAY |
| 25-06-21 | 9.45AM | 10.05AM | FRIDAY |
| 27-06-21 | 9.30AM | 9.36AM | SUNDAY |
| 28-06-21 | 12.30PM | 12.40PM | MONDAY |
| 02-07-21 | 9.31AM | 9.45AM | FRIDAY |
| 03-07-21 | 2.35PM | 2.55PM | SATURDAY |
| 05-07-21 | 11.10AM | 11.40AM | MONDAY |
| 16-07-21 | 9.55AM | 10.00AM | FRIDAY |
| 16-07-21 | 12.00PM | 12.50PM | FRIDAY |
| 19-07-21 | 10.00AM | 12.50PM | MONDAY |
| 30-07-21 | 3.11PM | 3.15 PM | FRIDAY |
| 30-07-21 | 5.35PM | 6.40 PM | FRIDAY |
| 09-08-21 | 11.00AM | 11.45AM | MONDAY |
| 17-08-21 | 11.30AM | 11.35AM | TUESDAY |
| 28-08-21 | 11.30AM | 12.30AM | SATURDAY |
| 28-08-21 | 5.00PM | 6.30PM | SATURDAY |
| 05-09-21 | 11.30AM | 12.35AM | SUNDAY |
| 10-09-21 | 9.30AM | 9.35AM | FRIDAY |
| 12-09-21 | 12.00PM | 12.10PM | SUNDAY |
| 14-09-21 | 11.05AM | 11.50AM | TUESDAY |
| 30-09-21 | 5.00PM | 6.30 PM | THURSDAY |
| 02-10-21 | 5.00PM | 7.10PM | SATURDAY |
| 03-10-21 | 3.30PM | 5.30PM | MONDAY |
| 09-10-21 | 9.30AM | 10.00AM | SATURDAY |
| 09-10-21 | 4.00PM | 4.20PM | SATURDAY |
| 09-10-21 | 8.00PM | 8.30PM | SATURDAY |
| 10-10-21 | 10.15AM | 10.20AM | SUNDAY |
| 17-10-21 | 11.33AM | 11.38AM | SUNDAY |
| 19-10-21 | 9.00AM | 9.05AM | MONDAY |
| 19-10-21 | 1.00AM | 1.05AM | MONDAY |
| 21-10-21 | 1.00PM | 1.30PM | THURSDAY |
| 25-10-21 | 11.20AM | 12.25PM | MONDAY |
| 26-10-21 | 9.11AM | 9.21AM | TUESDAY |
| 26-10-21 | 3.56PM | 5.42PM | TUESDAY |
| 27-10-21 | 3.45PM | 4.15PM | WEDNESDAY |
| 28-10-21 | 4.25PM | 5.00PM | THURSDAY |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Applicant has requested to look in to the matter and give reply that what corrective actions from PGVCL Initiated and compensate loss incurred by them.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે M/s. Gujarat Intrux Limited ની પાવર ટ્રીપીંગને લગતી ફરિયાદનો વિગતવાર અભ્યાસકર્યા બાદ જરૂરી પ્રત્યુતર નીચે મુજબ જણાવેલ છે.

3.૧ M/s. Gujarat Intrux Limited એચટી ગ્રાહક નંબર-૨૫૮૬૨ થી ૧૮૦૦ કેવીએનુ વીજજોડાણ તારીખ ૧૭.૦૯.૧૯૯૩ થી ધરાવે છે. સદર વીજજોડાણને ૧૧ કેવી ડીએન ફિડર માંથી વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે સદર ફિડરની કુલ લંબાઈ ૪.૦૦૨ કિમી છે તેમજ તેમાં કુલ ૬૪૨૨ કેવીએનો વીજભાર સાથે કુલ ૨૬ ટ્રાન્સફોર્મર લાગેલા છે.

3.૨ સદર ૧૧ કેવિ ડીએન ફિડરએ ઓવરહેડ ફિડર છે અને આ ફિડરમાં આવતા વીજજોડાણોને અવિરત વીજપુરવઠો મળી રહે તે માટે સમયાંતરે લાઈનનુ મરામત કામ પણ કરવામાં આવે છે. આ ફિડરમાં તારીખ 30.૧૦.૨૦૨૧ ના તારીખ ૧૭.૧૧.૨૦૨૧ ના રોજ માસ મેન્ટેનન્સ રાખીને નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| વી ક્રોસ આર્મ બદલાવ્યા | ૦૪ નંગ | પોલ સીધા કર્યા | ૦૨ પોલ |
| નવા અર્થીંગ કર્યા | ૦૬ નંગ | નવી ઘાય લગાવી / ટાઈટ કરી | ૦૨ નંગ |
| ૧૧ કેવી પીન બદલાવી | ૧૪ પીન | ૧૧ કેવી ડિસ્ક બદલાવી | ૦૭ નંગ |
| વાયર સ્પાન ટાઈટ કર્યા | ૭૬ સ્પાન | ખરાબ વાયર બદલાવ્યા | ૦૨ સ્પાન |
| નડતર રૂપ ઝાડ કાપ્યા | ૧૫૨ ડાળીઓ | નવા જમ્પર કર્યા | ૧૦૪ જમ્પર |

3.3 હાલ ૧૧ કેવિ ડીએન ફિડર પર મહતમ એમ્પીયર ૨૫૬ નોંધાયેલ છે અને તાજેતરના ૧૧ કેવી મૂનરાઈઝ ફિડર નવો ચાર્જ થયેલ છે તેમાં સદર ૧૧ કેવી ડીએન ફિડરનો લોડ ટ્રાન્સફર કરવા માટેનો પ્રોજેક્ટ ૩૫૪૯૮૫ તારીખ ૨૯.૧૧.૨૦૨૧ ના રોજ મંજુર થયેલ છે તેની કામગીરી સત્વરે પૂર્ણ કરી અને આ બંને ફીડરનો લોડ બેલેન્સ કરવામાં આવશે.

3.૪ વધુમાં વીજમાંગની જરૂરીયાતના આધારે વીજપૂરવઠો અવિરત મળી રહે તે માટે નવા ૬૬ કેવી સબસ્ટેશનની દરખાસ્ત પણ મુકવામાં આવેલ છે તે મુજબ નવું ૬૬ કેવી શ્રીનાથજી સબ સ્ટેશન મંજુર પણ થયેલ છે. સદર નવા સબસ્ટેશન માંથી દરખાસ્ત તૈયાર કરવામાં આવેલ છે અને તેની મંજૂરી મળ્યે તેમજ નવું ૬૬ કેવી શ્રીનાથજી સબસ્ટેશન ચાર્જ થયે સદર ૧૧ કેવી ડીએન ફિડરનુ વિભાજન કરવામાં આવશે.

3.૫ અરજદારની ફરિયાદ મુજબ વીજપુરવઠો વિના વિક્ષેપે મળી રહે તે માટે સમયાંતરે જરૂરી મરામત કરવામાં આવે છે. ઓવરહેડ વીજલાઈનની અંદર કોઈ ટ્રીપીંગ આવે તે આકસ્મિક સંજોગો જેવાકે બર્ડ ફોલ્ટ, વીજળી થવી, વરસાદ, પવન વગેરે આકસ્મિક પરિસ્થિતિઓનાં કારણે થતા હોઈ છે. આમ આવા સંજોગોમાં ગ્રાહક તરફથી જે ટ્રીપીંગ દીઠ વળતરની દરખાસ્ત કરવામાં આવેલ છે તે સ્વીકારી શકાય નહિ.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ M/s. Gujarat Intrux Limited એચટી ગ્રાહક નંબર-૨૫૮૬૨ થી ૧૮૦૦ કેવીએનુ વીજજોડાણ તારીખ ૧૭.૦૯.૧૯૯૩ થી ધરાવે છે. સદર વીજજોડાણને ૧૧ કેવી ડીએન ફિડર માંથી વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે સદર ફિડરની કુલ લંબાઈ ૪.૦૦૨ કિમી છે તેમજ તેમાં કુલ ૬૪૨૨ કેવીએનો વીજભાર સાથે કુલ ૨૬ ટ્રાન્સફોર્મર જોડેલા છે.

૪.૨ અરજદારની રજૂઆત મુજબ તેઓના સદર વીજજોડાણમાં વારંવાર વીજવિક્ષેપને કારણે તેઓની ઇન્ડસ્ટ્રીઝમાં માલ સામાનના ઉત્પાદનમાં ઘટાડો થાય છે, તેમજ માલનો બગાડ થાય છે જેના કારણે નાણાકીય નુકશાન થાય છે. અરજદાર દ્વારા તા.૦૫-૦૫-૨૦૨૧ થી તા.૨૮-૧૦-૨૦૨૧ સુધીમાં નોંધાયેલ વીજવિક્ષેપ/પાવર બંધની વિગતો રજુ કરેલ છે. અરજદાર દ્વારા જણાવેલ કે કોઈપણ જાણકારી વગર પી.જી.વી.સી.એલ. દ્વારા વીજ પાવર બંધ કરવામાં આવે છે જેના કારણોસર તેઓનું પ્રોડક્શન અને લેબર કોસ્ટની નુકશાની જતી હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે.

૪.3 ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરેલ અહેવાલ મુજબ સદર અરજદારના વીજજોડાણને ૬૬ કે.વી. સિદ્ધેશ્વર સબસ્ટેશન માંથી નીકળતા ૧૧ કે.વી. ડીએન ઇન્ડસ્ટ્રીયલ ફીડરમાંથી વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે. સદર ૧૧ કેવી ફીડરની કુલ લંબાઈ ૪.૦૦૨ કિમી છે. જેમાં ૬૪૨૨ કેવીએનો વીજભાર અને ૨૬ વીજટ્રાન્સફોર્મર જોડેલા છે.

૪.૪ સદર ફીડરમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા સાતત્યપૂર્ણ અને ગુણવતા સભર વીજપુરવઠો પૂરો પાડવા માટે વીજલાઈનનું સમારકામ કરવાની કામગીરી સમયાંતરે કરવામાં આવતી હોય છે જે અંતર્ગત તા.૩૦-૧૦-૨૦૨૧ અને તા.૧૭-૧૧-૨૦૨૧ ના રોજ માસ મેન્ટેનન્સની કામગીરી ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબ ની વિગતે હાથ ધરવામાં આવેલ હતી.

૪.૫ સદર ફીડરમાં મહતમ એમ્પીયર ૨૫૬ નોંધાયેલ છે જે અંતર્ગત સદર ફીડરમાં લોડ ટ્રાન્સફર તાજેતરમાં ચાર્જ થયેલ નવો ૧૧ કેવી મુનરાઇઝ ફીડરમાં કરવા માટે પ્રોજેક્ટ નં - ૩૫૪૯૮૫ તા.૨૯-૧૧-૨૦૨૧ થી મંજુર કરાયેલ જ છે જેની કામગીરી સત્વરે પૂર્ણ કરીને લોડ બેલેન્સ કરવામાં આવશે.

૪.૬ વધુમાં હેયાત / નવા વીજજોડાણોના વીજભારની માંગને પહોચી વળવા માટે નવું ૬૬ કેવી સબસ્ટેશન મંજુરી માટેની દરખાસ્ત કરેલ હતી જે અન્વયે નવું ૬૬ કેવી શ્રીનાથજી સબસ્ટેશનની મંજુરી મળેલ છે જે કાર્યરત થયે સદર ફીડરની લીંક લાઈન માટેની દરખાસ્ત પણ તૈયાર કરવામાં આવેલ છે.

૪.૭ આમ, પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારની ફરિયાદ અન્વયે વીજલાઈનના સમારકામની કામગીરી તા.૧૭-૧૧-૨૦૨૧ ના રોજ પૂર્ણ કરેલ છે ત્યારબાદ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરેલ માસિક વીજવિક્ષેપની સંખ્યાના રીપોર્ટ મુજબ વીજવિક્ષેપની સંખ્યામાં ઘટાડો નોંધાયેલ છે વધુમાં સદર કેઈસની સુનાવણી દરમ્યાન અરજદાર વતી હાજર રહેલા તેમના પ્રતિનિધીએ પણ વીજપુરવઠો અગાઉ કરતા ઘણો સારી રીતે મળે છે તેમ સ્વીકારેલ હતું.

૪.૮ વધુમાં અરજદારની રજૂઆત મુજબ પાવર સપ્લાય બંધ કરવાની અગાઉથી જાણકારી આપવામાં આવતી ન હોય તે બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકારને સૂચિત કરવામાં આવે છે કે વીજપુરવઠો બંધ કરવાના પ્લાન્ડ શટડાઉનના આયોજનના ભાગરૂપે જે તે સબંધક ગ્રાહકોને અગાઉથી નિયત કરાયેલ સમયમર્યાદામાં જાણકારી આપવા માટે યોગ્ય કાર્યવાહી કરવી. વધુમાં વારંવાર પાવરબંધ થવાની ફરિયાદમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ઇરાદાપૂર્વક બેદરકારી દાખવેલ નથી. જેથી અરજદારની વળતર મળવા અંગેની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહિ. વધુમાં પ્રોજેક્ટ નં - ૩૫૪૯૮૫ તા.૨૯-૧૧-૨૦૨૧ થી મંજુર કરાયેલ જ છે જેની કામગીરી અત્રે ના ફોરમની જાણકારી હેઠળ દિવસ-૩૦ માં પૂર્ણ કરવી અને જો જરૂર જણાયતો વીજ સમારકામની કામગીરી હાથ ધરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૭ અને ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot